૫૧

## પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અંગેની સૂચનાઓ

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧૦૧/૧૯૯૯/ક

સચિવાલય,ગાંધીનગર.

તા.૨૦/૧૧/૨૦૦૧

સંદર્ભઃ ૧ઃ શિક્ષણ વિભાગનો તા.૮/૪/૯૯ ઠ.ક્ર.પીટીઆર/૧૧૯૭/સીએમ/૨૯૨૫/ક

૨ઃ શિક્ષણ વિભાગનો તા.૨૭/૭/૨૦૦૦ ઠ.ક્ર.પીઆરઈ/૧૧૯૭/સીએમ/૨૯૨૫/ક

૩ઃપ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા. ૪/૧૦/૦૧નો પત્ર નં.૨૯/પનસ/૧/ ૨૦૦૧ /છ/ ગુજ/ ૧૮૬૫૦

ઠરાવઃ–

(૧) રાજ્યમાં જિલ્લા પંચાયત હસ્તકની શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની બદલીઓ અંગેની કાર્યપધ્ધતિ સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી નિયત થયેલી છે. તેની સૂચના (૧૩) હેઠળ થયેલી શિક્ષક વધની બદલીઓ અંગે કરવાં આવેલી જોગવાઈઓ રદ કરી તેને બદલે નીચે મુજબની જોગવાઈઓ કરવામાં આવે છે.

(૧૩) શિક્ષક વધની બદલીઓઃ–

શિક્ષક વધની બદલીઓ કેમ્પ દ્વારા કરવાની રહેશે. તથા આ અંગેની નીચેની સૂચના ઓનો અમલ કરવાનો રહેશે.

- વધ દૂર કરવા માટે શાળામાં સૌથી છેલ્લે મૂકાયેલ શિક્ષક/વિદ્યાસહાયકની બદલી કરવાની રહેશે.
- જે તે વર્ષની ૩૧ મી ઓગષ્ટની વિદ્યાર્થી સંખ્યાના આધારે શિક્ષક વધ હોય તેવી શાળાના સૌથી છેલ્લા મુકાયેલા (જુનિયર) શિક્ષક/વિદ્યાસહાયકને કેમ્પમાં બદલવાના રહેશે. એવા શિક્ષકોને કેમ્પમાં ઉપસ્થિત રહેવાની જાણ કરવાની રહેશે.
- વધવાળા તમામ શિક્ષકો/ વિદ્યાસહાયકોએ તેમની હાલની શાળાની નોકરીની લંબાઈ અંગેનો જેતે શાળાના મુખ્ય શિક્ષકનો દાખલો કેમ્પમાં સાથે લાવાવનો રહેશે.
- વધની બદલીઓમાં જુનિયર શિક્ષક/વિદ્યાસહાયકના બદલે શાળાના અન્ય કોઈ શિક્ષક માંગણીથી બદલાવા માંગતા હોય અને તેઓ તે અંગેની લખિત સંમતિ આપે તો તેમને કેમ્પમાં ઉપસ્થિત રાખી જુનીયર શિક્ષક/વિદ્યાસહાયકને બદલે આવા માંગણીદાર શિક્ષકની બદલી કરવાની રહેશે. આ બદલી માત્ર કેમ્પમાં જ કરી શકાશે.
- જે ગામમાં એક કરતાં વધારે શાળાઓ આવેલી હોય ત્યાં શિક્ષક વધ સરભર કરવા માટે સૌ પ્રથમ સ્થાનિક શાળામાં શિક્ષકની બદલી કરવાની રહેશે. આમ કર્યા પછી પણ જો શિક્ષકની વધ રહેતી હોય તો તે ગામની બધી શાળાઓની સ્ટેશન સિનીયોરીટી નક્કી કરી સૌથી જુનિયર શિક્ષક/વિદ્યાસહાયકની બદલી કરી શિક્ષક વધ સરભર કરવાની રહેશે. આ કાર્યવાહી પણ કેમ્પમાં જ કરવાની રહેશે.
- કેમ્પમાં તાલુકાવાર (પે કેન્દ્રવાર) તમામ ખાલી જગ્યાઓ બોર્ડ ઉપર દર્શાવવાની રહેશે.અને બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.
- વધ કેન્દ્રવાર સરભર કરવાની રહેશે.વધના કિસ્સામાં પે સેન્ટર હેઠળની શાળાઓમાંની ખાલી જગ્યા ઉપર તે જ પગાર કેન્દ્રના વધવાળા શિક્ષકને નોકરીની લંબાઈના આધારે પ્રથમ લાભ આપવાનો રહેશે. ટૂંકમાં સૌપ્રથમ જે તે પગાર કેન્દ્ર

51

હેઠળની ખાલી જગ્યાઓ ઉપર તે જ પગાર કેન્દ્રની શાળાઓની આંતરિક વધ સરભર કરવાની રહેશે.ઉપર મુજબ તાલુકાના તમામ પગાર કેન્દ્રની વધ સરધર કર્યા બાદ બાકી રહેલા વધવાળા શિક્ષકોની બાકી રહેતી ખાલી જગ્યાઓ ઉપર નોકરીની લંબાઈના આધારે સ્થળ પસંદગીની તક આપી બદલી કરવાની રહેશે.

- શિક્ષક વધની બદલીઓ જે તે તાલુકા પુરતી મર્યાદિત રહેશે. તાલુકામાં આંતરિક વધ સરભર કર્યા બાદ જો સમગ્ર તાલુકામાં શિક્ષક વધ રહેતી હોય તો તેવા પ્રસંગે જ વધવાળા શિક્ષકોને અન્ય નજીકના તાલુકામાં બદલી કરી વધ સરભર કરવાની રહેશે. આવા કિસ્સામાં તાલુકાના શિક્ષકની સ્ટેશન સિનીયોરીટી નકકી કરી સૌથી જુનીયર શિક્ષકની બદલી તાલુકા બહાર કરવાની રહેશે.
- શિક્ષક વધવાળી શાળામાં પતિ પત્નિ નોકરી કરતા હોય અને વધમાં પતિ અથવા પત્નિની બદલીકરવાની થતી હોય ત્યારે જો પતિ–પત્ની સંમતિ આપે તો બંનેને પગાર કેન્દ્ર/ તાલુકાની અન્ય શાળામાં કે તાલુકા બહાર ની શાળામાં બદલી થઈ શકે તેમ હોય તો એક જ ગામમાં કે સાથે રહી શકાય તેવા નજીકના ગામ– સ્થળે બદલી કરવાની રહેશે.
- સંવંના અંતે નિવૃત્તિથી ખાલી પડતી જગાઓ બોર્ડ ઉપર દર્શાવવાની રહેશે.
- શિક્ષકે કેમ્પમાં પસંદ કરેલ સ્થળ અંગે કરવામાં આવેલા બદલી હુકમમાં પાછળથી કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહી.
- શિક્ષક વધના લીધે બદલવામાં આવેલા શિક્ષક તેની મૂળ શાળામાં પ્રથમ ઘટ ઉભી થાય ત્યારે બદલીના માંગણી કરે તેવા શિક્ષકને પ્રથમ તે જગા ઉપર બદલીની તક આપવાની રહેશે.વધમાં બદલી કરેલ શિક્ષકને માંગણીનો હકક રહેશે. અને મૂળ શાળાની (વધમાં બદલી કરેલ શાળાની સિનિયોરીટી ધ્યાને લેવાની રહેશે.

(૨) શિક્ષણ વિભાગના સંદર્ભ –(૨) હેઠળના તા. ૨૭/૭/૨૦૦૦ ના ઠરાવનો અમલ આથી મોકુફ રાખવામાં આવે છે. એટલે હવે પછી તેમાં જણાવેલી સૂચનાઓ અમલમાં મુકવાની રહેશે નહિ. ઉપરોક્ત સૂચનાઓની પધ્ધતિ રાજય સરકારની વખતોવખત કરવામાં આવેલી સૂચનાઓને આધીન રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી
અને તેમના નામે.

(એ.એ.નાગોરી)
અધિક સચિવ

પ્રતિ,
માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી શિક્ષણ અને રાજય કક્ષાના મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
વિકાસ કમીશનરશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ગુજરાત રાજય,ગાંધીનગર
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ,
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
નિરીક્ષક શ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય,ગાંધીનગર
માહિતી નિયામક, ગુજરાત રાજય,ગાંધીનગર
શિક્ષણ વિભાગની સર્વે શાખા/ સિલેકટ ફાઈલ